city ભાસ્કર AHMEDABAD, MONDAY, 08/09/2014

# 40 કલાકારોએ ખડો કર્યો અસલ ગ્રીક માહોલ

**ગુજરાત નાટક સંગીત અકાદમીના સહયોગથી અમદાવાદ થિયેટર ગ્રુપ અને રંગમંડળ દ્વારા જય શંકર સુંદરી હોલમાં શનિવારે મનુભાઈ પંચોળીની ક્લાસિક નવલકથા સોક્રેટિસ પર આધારિત નાટક 'કશુંક ભાળી ગયેલો માણસ (સોક્રેટિસ)' ની ભજવણી કરવામાં આવી હતી.**

PLAY TIME

સિટી રિપોર્ટર ▶ અમદાવાદ

જયશંકર સુંદરી હોલ ખાતે શનિવારે માહોલ ગ્રીક એટમોસ્ફિયરથી રંગાઈ ગયો હતો. મનુભાઈ પંચોળીની ક્લાસિક નવલકથા સોક્રેટિસ પર આધારિત નાટક કશુંક ભાળી ગયેલો માણસ (સોક્રેટિસ) ની ભજવણી થઈ. મંચ ઉપર દૃષ્ટિ કરતાં ગ્રિક એટમોસ્ફિયરમા નગારું વગાડતો સિપાઈ આવીને બોલે છે. 'સાંભળો સાંભળો આપણા રાજા પેરેક્લિસનો હૂકમ છે કે એથેન્સનો ડાયોમિરને જે સ્પાર્ટા તરફી છે તે મંદિરમાં સંતાયો છે અને તેને નિયમ પ્રમાણે મારી શકાય નહીં એટલે મંદિરની તમામ બાજુએથી દીવાલ ચણી લેવામાં આવે. તે માટે દરેક નાગરિકે એક પથ્થર મંદિરે મૂકતાં જવો. સંવાદ સાંભળતાં જ ઝેન્થની( સોક્રેટિસની પત્ની અને ડાયોમિનરની મા) પ્રથમ પથ્થર મૂકે છે. આ સાથે જ ડાયોમિરના છોકરા(ક્રિશ્યસ)માં એથેન્સની લોકશાહી અને તેના રાજા પેરેક્લિસ માટે વેરના બીજ રોપાય છે. પછી તો ક્રિશ્યસ અને સોક્રેટિસની મિત્રતા થાય છે.





▶ જયશંકર સુંદરી હોલ ખાતે કશુંક ભાળી ગયેલો માણસ (સોક્રેટિસ)નું મંચન શહેરના આર્ટિસ્ટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

નાટકમાં આગળ સોક્રેટિસ પર દેવી દેવતામાં માનતો નથી અને એથેન્સના જુવાનીઆઓને બગાડે છે તેવો આરોપ મૂકાય છે અને મૃત્યુદંડ મળે છે. મને જ્યારે જે સત્ય લાગશે ત્યારે તે અચૂક બોલીશ, ચૂપ નહીં રહું એવા સત્યાગ્રહની સજારૂપે સહેજેય ચલિત થયા વિના સોક્રેટિસ ઝેરનો પ્યાલો પી લે છે અને તેના વર્તમાન સમય સાથેના સુસંગત વિચારોની આ એકમાત્ર ભવ્ય કરૂણ ગાથા બની રહે છે.

## સંવાદો એથેન્સ તરફ દોરી ગયા

રીવ્યુ



અર્ચન ત્રિવેદી

નાટ્યકાર

**સ્ક્રીપ્ટ:** કશુંક ભાળી ગયેલો માણસ સોક્રેટિસની સ્ક્રીપ્ટ ખરેખર સ્ટ્રોંગ કહી શકાય તેવી છે. ભરત દવેએ દિલ રેડીને કામ કર્યું છે તેવું સ્પષ્ટ જણાય છે. અદભૂત સંવાદોએ પ્રેક્ષકોને ગ્રીસ અને એથેન્સ તરફ દોરી ગયાં.

**એક્ટિંગ:** સંવાદોને કલાકારોએ ખૂબ સારી રીતે ભજવી બતાવ્યાં. પ્રવીણ હિરપરા, રાજુ બારોટ અને વૈભવી ભટ્ટે પોતાની કાબેલિયતનો પરિચય કરાવ્યો છે.

**દિગ્દર્શન:** નાટકમાં ઘણા કલાકારો હતાં દરેકની બોડી લેગ્વેજ પ્રમાણે કામ થયેલું જોવા મળ્યું. ડિરેક્ટરે ઓડિયન્સ સુધી વાત પહોચાડીને સર્જકતાનો પરિચય કરાવ્યો.

## અમારે માટે એક ચેલેન્જ

40 જેટલા કલાકારોનો કાફલો લઈને નાટક પાર પડશે કે કેમ તે પહેલા શંકા હતી. ઓડિયન્સને કેવું લાગે છે તે જ અમારે માટે એક ચેલેન્જ હતી. સૌપ્રથમ તો આ નાટકની સ્ક્રીપ્ટને અમે મહિના સુધી કલાકારો સાથે શેર કરી સમજાવી. જો કે પછી સ્ટેજ પર જે ભજવાયું તેને દર્શકો તરફથી સારો રીસ્પોન્સ મળ્યો છે.

**રાજુ બારોટ,** દિગ્દર્શક

## બે મહિનાથી તૈયારી કરી

નાટક ભજવતાં પહેલા બે મહિના સોક્રેટિસના પાત્રની જે તૈયારી કરી તે રિહર્સલ જ મારે મન એક મઝા હતી. આખે આખો જાણે હું સોક્રેટિસમય બની ગયો હતો. પાત્રમાં ખૂપી જવાની મારા આ રીહર્સલે મને ઘણું શીખવ્યું છે. જો કે વાત તો તેમાં વ્યવસ્થા અને લોકશાહીની જ છે.

**પ્રવીણ હિરપરા,** (સોક્રેટિસ)

## પાત્રને એન્જોય કર્યું

મારા માટે એસ્પેશિયાનો રોલ ચેલેન્જિંગ રહ્યો. જો કે સ્ક્રિપ્ટ રીડિંગથી લઈને રીહર્સલ સુધીના દરેક તબક્કે મેં મારા પાત્ર સાથે એન્જોય કર્યું છે. એક એવી સ્ત્રી જે કલાવંતી છે. સાથે વાકપટુ અને આત્મશ્રદ્ધાયુક્ત પણ ખરી. મારા માટે આ રોલ ભજવવોનો અનુભવ યાદગાર રહ્યો.

**વૈભવી ભટ્ટ,** (એસ્પેશિયા)